Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

# ગુજરાતી ભાષા અને સાહિત્યમાં કુત્રિમ બુધ્ધિ (AI) ની ઉપયોગિતા અને પડકાર

ડૉ.મનીષા ચાવડા, અધ્યાપક સહાયક,
ગુજરાતી વિભાગ
એમ.પી.આર્ટ્સ એન્ડ એમ.એચ કોમર્સ
કોલેજ ફોર વિમેન, અમદાવાદ

## પ્રસ્તાવના:

૨૧ મી સદી એ ટેક્નોલૉજીનો યુગ છે. વ્યક્તિ પોતાના લગભગ બધા કામો માટે આજે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યો છે. યાંત્રિક ઉપકરણો માનવીય જીવનના અભિન્ન અંગ જ બની ગયા છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ટેકનોલોજીની દુનિયામાં અત્ર-તત્ર-સર્વત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) છવાઈ ગયું છે. આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) એ માત્ર એક ટેકનોલોજી નથી, પરંતુ એક ક્રાંતિકારી શક્તિ છે જે આપણી જીવનશૈલી, કાર્યપદ્ધતિ અને વિચારસરણીને નવો આકાર આપી રહી છે. પણ તેનો કેટલો અને કેવો ઉપયોગ એ પણ વ્યક્તિની બુધ્ધિમત્તા પર આધાર રાખે છે. યંત્ર એ મૂળ માનવીની મગજની ઉપજ છે પણ એ જ માનવીના મગજને નિષ્ક્રિય કે શિથિલ બનાવી દે એટલી નિર્ભરતા જો માનવીમાં આવે તો એ આશીર્વાદ નહીં પણ અભિશાપ બને છે. ટેક્નોલોજીના નવીનીકરણ અને તેના નવા રૂપો ને વ્યક્તિએ તેની વિવેકબુધ્ધિથી વાપરવા જોઈએ એ આ સમયની તાતી જરૂરિયાત પણ છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યમાં AIનું મહત્વ વધી રહયું છે. ગુજરાતી ભાષા અને સાહિત્યમાં પણ એવા ઘણા AI ટૂલ્સ છે જે સરળતાથી શીખવા, સમજવા અને કાર્યને ઝડપથી પૂર્ણ કરવા ઉપયોગી બન્યા છે. AI અને ગુજરાતી ભાષા-સાહિત્યના સંગમ સમું છે, જ્યાં ટેક્નોલોજી દ્વારા AI અને ગુજરાતી ભાષા પ્રોસેસિંગની મદદથી ગુજરાતી ભાષાનું સંવર્ધન કરી નવી પેઢી સુધી તેને પહોંચાડી શકાશે. જે નવી તકનીકો અને સંશોધન દ્વારા ભાષા-સાહિત્યના વિકાસને વેગ આપે. જોકે, તે પૂર્ણ રૂપે ભાષાની સંવેદના અને સાહિત્યિક સૌંદર્ય સમજી શકતું નથી, આ કારણે

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

માનવ સહયોગ અને ગુણવત્તાવાળા ડેટાની જરૂર હંમેશા રહેશે. અહીં AIના ઉપયોગ સહિત તેના પડકારો અને આવનારી શક્યતાઓ પર પણ પ્રકાશ પાડવાનો મૂળ ધ્યેય રહેલ છે, જેથી તે ગુજરાતી ભાષા અને સાહિત્યના શિક્ષકો તથા સંશોધકો માટે ઉપયોગી માર્ગદર્શિકા બની શકે.

## કુત્રિમ બુધ્ધિ (AI- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) :

AI એટલે કૃત્રિમ બુદ્ધિ, જે એનું રૂપ છે કે મશીનો અને કમ્પ્યુટરો માનવસમાન બુદ્ધિમત્તા પ્રદર્શિત કરે. તે ભાષા, વિચારસરણી અને નિર્ણયક્ષમતામાં માનવ બુદ્ધિનું સમર્પિત અનુસરણ કરવા માટે ડિઝાઇન કરવામાં આવે છે.

આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) એ માત્ર એક ટેકનોલોજી નથી, પરંતુ એક ક્રાંતિકારી શક્તિ છે જે આપણી જીવનશૈલી, કાર્યપદ્ધતિ અને વિચારસરણીને નવો આકાર આપી રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં કમ્પ્યુટર્સ અને NLPનો ઉપયોગ એવી બાબતો માટે કરવામાં આવે છે. જેમાં પરંપરાગત રીતે માનવ બુદ્ધિની જરૂર પડે છે. એ મશીનોને માનવોની જેમ વિચારવાનું શીખવવાનું વિજ્ઞાન છે. તે એવી બાબતો કરી શકે છે જે "સ્માર્ટ" માનવામાં આવે છે. AI એ એક વિશાળ ક્ષેત્ર છે જે ઘણા અલગ-અલગ વિષયોને આવરી લે છે, જેમાં કમ્પ્યુટર સાયન્સ, ડેટા એનાલિટિક્સ અને સ્ટેટિસ્ટિક્સ, હાર્ડવેર અને સોફ્ટવેર એન્જિનિયરિંગ, ભાષાશાસ્ત્ર, ન્યુરોસાયન્સ, અને તત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ શામેલ છે.

## કુત્રિમ બુધ્ધિ (AI- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઇતિહાસ

AI નો ઇતિહાસ રસપ્રદ અને વૈવિધ્યસભર છે, જે દાયકાઓ પહેલાં શરૂ થયો હતો. ઇ.સ.૧૯૫૦ ના દશકમાં, બ્રિટિશ ગણિતશાસ્ત્રી અને કમ્પ્યુટર વિજ્ઞાની એલન ટ્યુરિંગે પ્રસિદ્ધ "ટ્યુરિંગ ટેસ્ટ" રજૂ કર્યો, જે મશીનની બુદ્ધિમત્તાને માપવાનો એક માપદંડ બની ગયો. ત્યારબાદ

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

ઇ.સ.૧૯૫૫ માં અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના જ્હોન મેકાર્થી એ સૌ પ્રથમવાર “આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ” શબ્દનો પ્રયોગ કર્યો. તેમની ટીમમાં અન્ય ચાર વૈજ્ઞાનિકો હતા. જ્હોન મેકાર્થીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પિતા માનવમાં આવે છે. ઇ.સ.૧૯૬૦માં કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ ભાષા ‘LISP’(list processing નું ટૂંકું રૂપ) વિકસાવી.જે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગની સૌથી જૂની ભાષાઓમાં ‘LISP’ નું સ્થાન ગણાય છે.  આજે પણ તે ઉપયોગમાં લેવાય છે.



**જ્હોન મેકાર્થીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના પિતા**

ઇ.સ૧૯૬૦ થી ૧૯૭૦ ના દશકમાં, સંશોધકોએ પ્રથમ AI પ્રોગ્રામ્સ વિકસાવ્યા જે સરળ સમસ્યાઓ ઉકેલી શકતા હતા અને સાદી ભાષા સમજી શકતા હતા. ૧૯૮૦ અને ૧૯૯૦ ના દશકમાં, એક્સપર્ટ સિસ્ટમ્સ અને જ્ઞાન-આધારિત AI નો ઉદય થયો. આ સમયગાળા દરમિયાન, AI એ વ્યવસાયિક અને ઔદ્યોગિક ઉપયોગોમાં પ્રવેશ કર્યો. ૨૧મી સદીની શરૂઆતથી, AI એ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ડેટા પ્રોસેસિંગ ક્ષમતાઓમાં વધારો, મોટા ડેટાસેટની ઉપલબ્ધતા અને નવી અલ્ગોરિધમ્સના વિકાસે AI ને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં મદદ કરી છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



## કુત્રિમ બુધ્ધિ (AI- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ની રૂપરેખા :

૨૧ મી સદીની શરૂઆતથી, AI એ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ડેટા પ્રોસેસિંગ ક્ષમતાઓમાં વધારો, મોટા ડેટાસેટની ઉપલબ્ધતા અને નવી અલ્ગોરિધમ્સના વિકાસે AI ને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં મદદ કરી છે. કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) મશીનોને ડેટામાંથી શીખવા, પેટર્ન ઓળખવા સક્ષમ બનાવે છે, જેથી કાર્યો વધુ કાર્યક્ષમ અને અસરકારક રીતે કરી શકાય. **AI** પાંચ તબક્કામાં કાર્ય કરે છે:

**AI ના તબક્કાઓ**

**ઇનપુટ**
વિવિધ સ્રોતોમાંથી ડેટા એકત્રિત કરવામાં આવે છે. આ ડેટાને પછી શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે.




**મૂલ્યાંકન:**
આ રીતે, **AI** સતત શીખતું અને સુધરતું રહે છે.

**પ્રોસેસિંગ:**
ડેટાને વર્ગીકૃત કરી સમજે છે. જે તેને શીખવા માટે પ્રોગ્રામ કરવામાં આવ્યા છે. જ્યાં સુધી ડેટામાં સમાન પેટર્ન ઓળખી ન લે

**પરિણામો**
**AI** પછી તે પેટર્નનો ઉપયોગ પરિણામોની આગાહી કરવા માટે કરી શકે છે.

**સમાયોજન:**
જો ડેટા સેટ્સને “નિષ્ફળ” ગણવામાં આવે, તો **AI** તે ભૂલમાંથી શીખે અને પ્રક્રિયા અલગ પરિસ્થિતિઓ હેઠળ ફરીથી પુનરાવર્તિત થાય છે.

- કુત્રિમ બુધ્ધિ (AI- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) મુખ્યત્વે ચાર ટેક્નોલોજી આધારીત કાર્ય કરે છે. જેની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 2

1. **મશીન લર્નિંગ (Machine Learning):** આ તકનીક ડેટામાંથી પેટર્ન્સ ઓળખવા અને નિર્ણયો લેવા માટે એલ્ગોરિધમ્સનો ઉપયોગ કરે છે
2. **ડીપ લર્નિંગ (Deep Learning):** નવ મગજની કાર્યપ્રણાલીને અનુકરણ કરે છે. આ તકનીક આર્ટિફિશિયલ ન્યુરલ નેટવર્ક્સનો ઉપયોગ કરે છે.
3. **નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP):** નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ એ AI ની એવી શાખા છે જે કમ્પ્યુટર્સને માનવ ભાષા સમજવા અને પ્રોસેસ કરવામાં સક્ષમ બનાવે છે.
4. **ન્યુરલ નેટવર્ક્સ (Neural Networks):** ન્યુરલ નેટવર્ક્સ એ માનવ મગજની રચના પર આધારિત કમ્પ્યુટેશનલ મોડેલ્સ છે. આ નેટવર્ક્સ કૃત્રિમ ન્યુરોન્સના પરસ્પર જોડાયેલા લેયર્સથી બનેલા છે. દરેક ન્યુરોન ડેટાને પ્રોસેસ કરે છે અને તેની આઉટપુટ અન્ય ન્યુરોન્સને મોકલે છે. ન્યુરલ નેટવર્ક્સ પેટર્ન રિકગ્નિશન અને ફંક્શન એપ્રોક્સિમેશનમાં સારી કામગીરી કરે છે.

- **કૃત્રિમ બુધ્ધિ (AI- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) મુખ્યત્વે ત્રણ પ્રકારો પર કાર્ય કરે છે.**




| | | |
|---|---|---|
| ખૂબ જ ચોક્કસ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રચાયેલ છે. તેમાં શીખવાની ક્ષમતા નથી.જે ચેસ રમવા, ફેસ ઓળખવા, હવામાનની આગાહી કરવા જેવા વિશિષ્ટ કાર્યોમાં નિપુણ છે. | સામાન્ય બુદ્ધિ મોડેલો મૂળભૂત માનવ વિચારસરણી શીખવા, તેનું અનુકરણ કરવામાં સક્ષમ છે. જેમાં શીખવું, યોજના બનાવવી, સમસ્યાનું સમાધાન કરવું, અમૂર્ત વિચારવું અને જટિલ વિચારસરણી કરવાનો સમાવેશ થાય છે. | આ સૈદ્ધાંતિક મોડેલ વિશાળ માત્રામાં ડેટા અને જ્ઞાનનો ઉપયોગ અને સંશ્લેષણ કરવામાં માનવ ક્ષમતાઓને વટાવી જવાની ઇચ્છા રાખે છે. સુપર AI નું અસ્તિત્વ હજુ સૈદ્ધાંતિક છે અને તેના વિકાસ અને અસરો વિશે ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. |

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



## ગુજરાતી ભાષા, સાહિત્ય અને કુત્રિમ બુધ્ધિના સાધનો (AI tools) :

ભારતમાં, સ્થાનિક ભાષાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવા માટે મોટા પાયે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કામમાં સામાન્ય લોકો મદદ કરી રહ્યા છે. જેમ પ્રાદેશિક ભાષાના શબ્દોનો આખો શબ્દકોશ બને એમ આખી ડિજિટલ આવૃત્તિ તૈયાર થઈ રહી છે એમ કેહવામા કંઈ ખોટું નથી. NLP એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ની શાખા છે. તે કોમ્પ્યુટરને વિવિધ ભાષાઓ સમજવા માટે તૈયાર કરે છે. દેશની મોટાભાગની ૧૨૧ ભાષા NLP હેઠળ આવતી ન હોવાથી દેશના કરોડો લોકો કોમ્પ્યુટરના લાભોથી વંચિત છે,પણ હવે એક ટેકનોજીને પ્રાદેશિક ભાષા થકી એવી રીતે ઊભી કરવામાં આવી રહી છે કે અંગ્રેજીની માથાજીકમાંથી સાક્ષાત મોક્ષ મળી જાય.ઘણી મોબાઈલ કંપની પણ આ તરફ નો પ્રયાસ કરી રહી છે. પરિણામે લોકો ટેકનૉલોજિને ઉપયોગ કરવામાં સરળતા અનુભવી રહ્યા છે.

સાહિત્યની દૃષ્ટિએ જોઈએ તો માનવ અને મશીન લેખકત્વ વચ્ચેની સીમાઓ ઝાંખી છે, પરંતુ સાચું સાહિત્ય હજુ પણ માનવ કલ્પનાનું છે.જ્યારે AI સાહિત્યને વધારે છે. તે ભાવના, સંસ્કૃતિ અને કલ્પનામાં મૂળ માનવ સર્જનાત્મકતાને બદલી શકતું નથી. ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે AIનો વિકાસ અને ઉપયોગ એ આપણા ભાષાકીય અને સામાજિક વિકાસ માટે નવો દરવાજો ખોલશે. ગુજરાતીમાં AI ટૂલ્સની મદદથી ભાષાંતર, લખાણ સર્જન, ભાષાશોધન, સાહિત્ય સંશોધન અને સંસ્કૃતિના ડિજીટલીકરણ જેવા કામો ઝડપી અને અસરકારક બની શકે છે. એવા ઘણા AI platform છે.જે ગુજરાતી ભાષા અને સાહિત્યના કાર્યો સરળતાથી કરી આપે એવા કેટલાક મહત્વના AI tools ના કાર્યો અને ઉપયોગો અને તેના પડકારો વિશે અહીં માહિતી મેળવીશું.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



YESCHAT → આ ટૂલ ગુજરાતી વ્યાકરણ, શબ્દકોશ, અને બોલવાની પ્રેક્ટીશ માટે ઉપયોગી છે. તે ગુજરાતી ભાષા શીખનારની ભૂલોને સુધારે છે. વ્યાકરણ અને ગુજરાતી લેખનમાં માર્ગદર્શક બને છે.

**ઉપયોગ :**

- આ ટૂલ સંશોધનની પ્રક્રિયાને સરળ બનાવે છે.દસ્તાવેજોની સંવાદ સાથેની ક્રિયા-પ્રતિક્રિયા સાથે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા દ્રશ્ય વિષયવસ્તુ અને ચિત્રો બનાવવામાં પણ સક્ષમ છે.
- આ ટૂલ નવલકથાઓ,કવિતાઓ, અને અન્ય સાહિત્યિક રચનાઓ રચવામાં સહાય કરે છે.
- વ્યવસાયના પ્રચાર પ્રસાર માટેનું વિષયવસ્તુ પણ તૈયાર કરી આપવામાં સક્ષમ છે.

**મર્યાદા :**

- આ પ્લેટફોર્મ મફત અને ખરીદી એવી બંને યોજના ધરાવે છે. જેમાં મફત યોજનામાં અમુક ફીચર્સ મર્યાદિત અને વ્યાપક ઉપયોગ માટે ઉપયોગી નથી.
- સાહિત્યિક લખાણ અને વિશ્લેષણમાં કેટલીક મર્યાદાઓ છે. વિવિધતા ધરાવતું ટૂલ હોવા છતાં કેટલીક વિશિષ્ટ કુશળતા માટે અન્ય ટૂલની જરૂર પડે છે.

Talkio AI → અત્યાધુનિક ભાષાશિક્ષણ માટેનું આ ટૂલ Text to Speach ટેક્નોલોજીના ઉપયોગ કરે છે.ગુજરાતી મૌખિક ભાષા કૌશલ્યને વધારવા, વ્યાકરણીય શુધ્ધતા, તેમજ ગુજરાતી ભાષા શીખનારાઓના વાક્ય માળખા અને ઉચ્ચારણ પર તાત્કાલિક પ્રતિસાદ પ્રાપ્ત કરીને વાતચીત દ્વારા ભાષા શીખવે છે.

**ઉપયોગ :**

- ભાષા સબંધી વિવિધ વિષયો પર સંવાદ પ્રદાન કરે છે. વપરાશકર્તા આના ઉપયોગ દ્વારા ઉચ્ચારણ કૌશલ્યને વિકસાવી શકે છે.
- શૈક્ષણિક સાધન તરીકે પાઠ્યક્રમ,વર્ગ માટે સક્ષમ અને વિષય આધારિત સ્વાધ્યાયકાર્યો

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



બનાવી શકાય છે.

**મર્યાદા :**

- ઉચ્ચાર અને વ્યાકરણ માટે ઊંડો માર્ગદર્શક નથી.
- માત્ર લખાણ ઉપયોગી થતું નથી વ્યક્તિનો પોતાનો પ્રાકૃતિક અનુભવ પણ જરૂરી હોય છે

**LangBuddy.ai** → આ ટૂલ 24/7 ઉપલબ્ધ હોય છે. આ એવું ચેટ બોક્સ છે જે તમારી સાથે વાતચીત દ્વારા ગુજરાતી ભાષા ને સારી બનાવવામાં ઉપયોગી સાબિત થશે.

**ઉપયોગ :**

- શરૂઆતી ગુજરાતી ભાષા શીખવા માટે ઉપયોગી પ્લેટફોર્મ.
- ગુજરાતી ભાષાના મૂળભૂત શબ્દસમૂહો, ઉચ્ચારણ અને ધ્વન્યાત્મકતા સાથે પ્રાયોગિક કાર્ય શક્ય બને છે.

**મર્યાદા :**

- સામાન્ય ગુજરાતી પૂરતું મર્યાદિત છે.પૂર્ણ ગુજરાતી માટે હજુ સક્ષમ દસ્તાવેજોની જરૂરિયાત છે.
- વ્યાકરણ, સાહિત્ય કે વ્યાવસાયિક ઉપયોગ પૂરતું મર્યાદિત.
- માત્ર લખાણ ઉપયોગી થતું નથી વ્યક્તિનો પ્રાકૃતિક અનુભવ પણ જરૂરી હોય છે.

**IVOCA** → મોબાઈલ એપ્લીકેશન પર આધારિત AI ટૂલ્સ છે. જે સ્પીચ રિકોગ્નશન વડે ગુજરાતી બોલવાની તાલીમ આપે છે.

**ઉપયોગ :**

- ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભારતીય ભાષાનું અવાજમાં રૂપાંતર કરી શકે છે જેથી યુટ્યુબ, પોડકાસ્ટ અને મીડિયા માટે ઉપયોગી છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

- વાંચન સહિત લેખન સુધારા માટે ઉપયોગી છે.

**મર્યાદા :**

- સ્માર્ટ અને માનવીય અવાજ છતાં માનવી જેવી લાગણીનો વિન્યાસ નથી.
- ભાષા સાથે અવાજના ટ્યુનિગ અને કસ્ટમાઈઝેશનને સુધારવાની જરૂર છે.

Lingvanex

આ AI રાઈટર ગુજરાતી એ એક કૃત્રિમ બુદ્ધિ-આધારિત લેખન સાધન છે જે અદ્યતન ભાષા પ્રક્રિયા તકનીકોનો ઉપયોગ કરીને ગુજરાતી ભાષામાં ઉચ્ચ-ગુણવત્તાવાળી લેખિત સામગ્રી બનાવવામાં વપરાશકર્તાઓને સહાય કરવા માટે રચાયેલ છે.

**ઉપયોગ :**

- ૯૧ જેટલી ભાષાઓમાં અવાજ ઓળખીને ભાષાંતર કરવા માટે ઉપયોગી છે.
- માનવીય અવાજની નકલ કરી શકે છે. ઓફલાઇન મોડ્યુલ પણ સપોર્ટ કરે છે.

**મર્યાદા :**

- અનુવાદની ભાષામાં કયાંક ત્રુટિ જણાય છે.
- યુઝર ડેટા સંદર્ભે અસુરક્ષાનો ભય રહે છે.

CAMB.AI

30 થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમાં ગુજરાતી પણ સામેલ છે. તમારા ટેક્સ્ટને વાસ્તવિક અવાજો, ભાવનાત્મક સૂરો અને પ્રાદેશિક બોલીઓ સાથે જીવંત ગુજરાતી ભાષણમાં ફેરવે છે. અદ્યતન ટેક્સ્ટ-ટુ-સ્પીચ ટેક્નોલોજીનો સમાવેશ થાય છે.

**ઉપયોગ :**

- ગુજરાતી ભાષાના વ્યહવારિક અને સાહિત્યિક લખાણ માટે સંદર્ભિત અને ઉચ્ચ ગુણવત્તાવાળો અનુવાદ પૂરો પાડે છે.
- મલ્ટીમીડિયા, ટ્યૂટયુબ, પોડકાસ્ટ માટે સાવધાનીપૂર્વક એકસાથે ભાષાંતર અને અવાજ પૂરો પાડે છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 2

## મર્યાદા :

- નાના સ્તરના વ્યક્તિગત વપરાશ માટે ટેકનિકલ જટિલતાઓનો સામનો કરવો પડે.
- માનવીય સંવેદના, ભાવનાત્મક અને સાંસ્કૃતિક તથ્ય અને સાહિત્યિક લખાણ માનવીય સુધારણા અપેક્ષિત.

Voilà

માહિતી સંક્ષિપ્તમાં લખવી. ઈમેઈલ લખવા, ડ્રાફ્ટ કરવા, વિડીયોના નો સારાંશ લખવા, કન્ટેન્ટ બનાવવા, દસ્તાવેજ, PDF, ઈમેજો, સાથે AI વાતચીત કરવા માટે ફીચર ધરાવે છે. જેમાંથી સારાંશ, પુનર્લેખન અને વિશ્લેષણ શકય બને છે. ૫૦ થી વધુ ભાષાઓમાં અનુવાદ શકી બને છે. માર્કેટિંગ, શિક્ષણ, સંશોધન, અને વ્યવસાયક્ષેત્રે ઉપયોગી

## ઉપયોગ :

- ગુજરાતી સહિત અન્ય ભાષામાં સંદર્ભિત અનુવાદ પૂરો પાડે છે જે દૈનિક જીવનથી લઈને વ્યાવસાયિક ક્ષેત્રે તેમજ સાહિત્ય માટે ઉપયોગી.
- ઈમેઈલ , મીડિયા, અને વેબસાઇટોની પરિભાષાનો જડપથી અનુવાદ, લખાણ અને સુધારણા ઉપલબ્ધ.

## મર્યાદા :

- ભાષાના વ્યાકરણ, શબ્દસંગ્રહ અને સાહિત્યિક શૈલીમાં અસંગતિ જોવા મળે છે.
- ભાષાકીય સંશોધન અને વિસ્તરણ માટે કાર્યક્ષમતા સીમિત.

Human-like AI ANUVADINI

BHASHINI

ઓનલાઈન ભાષાંતર ટૂલ ૨૨ પ્રાદેશિક ભારતીય અને વિદેશી ભાષાઓને સપોર્ટ કરે છે. અનુવાદિનીના ભાષા અનુવાદ સાધનો શિક્ષણ, વ્યવસાય, સંશોધન અને રાજદ્વારીમાં સહયોગ વધારવા માટે રચાયેલ છે. AI અનુવાદક સુવિધાઓ ભાષાઓમાં સરળ સંદેશાવ્યવહાર સુનિશ્ચિત કરે છે, જે તમને સરળતાથી વિવિધ પ્રેક્ષકો સુધી પહોંચવા માટે સશક્ત બનાવે છે.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



- ઉપયોગ :

  - શૈક્ષણિક સામગ્રી, દસ્તાવેજ , કાનૂની, ટેકનિકલ, અને વિશિષ્ટ શબ્દોના અનુવાદ માટે ઉપયોગી.
  - ઈમેઈલ, મીડિયા, અને વેબસાઇટોની પરિભાષાનો જડપથી અનુવાદ, લખાણ અને સુધારણા ઉપયોગી છે.

- મર્યાદા :

  - હસ્તલિખિત દસ્તાવેજો OCR અને અનુવાદની કાર્યક્ષમતા ઓછી.
  - ભાષા સંશોધન અને સાહિત્ય માટે માનવસંપાદન અને સુધારા જરૂરી.

IIElevenLabs →

ગુજરાતી સ્પીચ ટુ ટેક્સ્ટ ટ્રાન્સક્રિપ્શન છે. જે ફિલ્મો, પોડકાસ્ટ, બિઝનેસ મીટિંગ્સ, મેડિકલ ડિક્ટેશન અને એનાથી વધુ માટે સચોટ ગુજરાતી અનુલેખન મેળવી શકાય છે.

- ઉપયોગ :

  - ગુજરાતી ભાષામાં ધ્વનિ આધારિત વિષયવસ્તુ, શૈક્ષણિક ઓડિયો બનાવવા અને સરળ માનવીય અવાજ પ્રદાન કરવા ઉપયોગી.
  - અવાજ આધારિત શૈક્ષણિક વિડીયો બાનવવા તેમજ ફિલ્મો, પોડકાસ્ટ માટે ઉપયોગી.

- મર્યાદા :

  - લાંબા તકનિકી ઓડિયો માટે યથાર્થતા અને નિયમિતતા માટે માનવ સંશોધન જરૂરી.
  - ટૂંકા સાહિત્ય માટે ઉપયોગી પરંતુ સંપૂર્ણ સાહિત્ય માટે વધુ વિકાસની જરૂરી.

IndicTrans2

IndicTrans2 એ પહેલું ઓપન-સોર્સ ટ્રાન્સફોર્મર-આધારિત બહુભાષી NMT મોડેલ છે. જે ૨૨ ભારતીય ભાષાઓમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા અનુવાદોને સપોર્ટ કરે છે - તે ભાષાઓ વચ્ચે લેક્સિકલ શેરિંગ દ્વારા ટ્રાન્સફર લર્નિંગનો લાભ લેવા માટે શક્ય હોય ત્યાં સ્ક્રિપ્ટ એકીકરણ અપનાવે છે.

- ઉપયોગ :
  - બહુ ભાષીય કામકાજ માટે , દસ્તાવેજો અને વેબસાઇટનું અનુવાદ કરવામાં ઉપયોગી.
  - ભારતની ૨૨ થી વધુ ભાષાઓનો સમાવેશ થયો છે.પરિણામે અનુવાદ સરળ બને.
- મર્યાદા :
  - ઘણા અનુવાદોમાં ભાષાકીય અને સાંસ્કૃતિક અનુવાદો સમજાતા નથી.
  - યાંત્રિક સાથે સાહિત્યિક અને વિશિષ્ટ ભાષા સંસ્કૃતિને વ્યક્ત કરવામાં માનવીય સહાય અને સંશોધનની જરૂર.

OpenAI ChatGPT

બહુભાષિક પાયો ધરાવતું AI મોડલ, ગુજરાતી ભાષામાં સમજી અને જવાબ આપી શકે તેવું. આ એપ્લિકેશન્સ વ્યાપક ધોરણે શૈક્ષણિક, વ્યવસાયિક, ભાષા અન્વેષણ અને સાહિત્ય કાર્ય માટે ઉપયોગી બન્યા છે. તેઓ ગુજરાતી ભાષાની ડિજિટલ વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પગલાંરૂપ છે અને ભાષા સંરક્ષણ તથા પ્રચારને તેજી આપે છે

- ઉપયોગ :
  - તેની સર્જનાત્મક ક્ષમતાથી માત્ર માહિતી જ આપતું નથી, પરંતુ તે મૌલિક સામગ્રી પણ બનાવી શકે છે. ડેવલપર્સ અને IT વ્યાવસાયિકો માટે અત્યંત ઉપયોગી છે.
  - કવિતાઓ, વાર્તાઓ, ગીતો, અને બિઝનેસ પ્લાન્સ લખી શકે છે. આ સર્જનાત્મકતા એવી છે કે તે દર વખતે અલગ અને નવી સામગ્રી બનાવે છે..

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



**મર્યાદા :**

- તેની માહિતી એક નિશ્ચિત તારીખ સુધીની જ હોય છે. આ કટઓફ ડેટ પછીની ઘટનાઓ, સમાચાર, અથવા વિકાસ વિશે તેને જાણકારી હોતી નથી.
- ખોટી કે ગેરમાર્ગે દોરવાવાળી માહિતી આપી શકે છે. તે અત્યંત આત્મવિશ્વાસથી અને વિશ્વસનીય રીતે ખોટા તથ્યો રજૂ કરી શકે છે. આ કારણે મહત્વપૂર્ણ નિર્ણયો લેતા પહેલા તથ્યોની પુષ્ટિ કરવી જરૂરી છે

perplexity →

એક માલિકીનું "જવાબ એન્જિન" જે વેબ શોધ, સારાંશ અને વાતચીત ફોલો-અપ્સને ઝડપી, સંદર્ભો સાથેના પરિણામો આપે છે. તે વૈકલ્પિક સુવિધાઓ સાથે ગ્રાહક-તૈયાર UX પ્રદાન કરે છે.

**ઉપયોગ :**

- સુવ્યવસ્થિત, સુચારું પ્રશ્નોનું સમાધાન અવતરણો સાથે સંક્ષિપ્ત જવાબ સાથે મેળવવા ઉપયોગી.
- સામાન્ય સંશોધન માટે મજબૂત ટૂલ પૂછેલા પ્રશ્નોના ઝડપી જવાબો આપવા સક્ષમ.
- ઝડપથી હકીકતો શોધવા અને ઉચ્ચ-સ્તરના વિહંગાવલોકન માટે આદર્શ.

**મર્યાદા :**

- વધુ અને અદ્યતન સુવિધાઓ મેળવવા પ્રો.વર્ઝન જરૂરી.
- વ્યાપક વિષયના સંશોધન માટે વિકાસ કરવાની જરૂર.

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 2

isgen

ગુજરાતી સહિત 80 થી વધારે ભાષાઓમાં AI જનરેટેડ સામગ્રીની ખાતરી કરવા માટે ઉપયોગી. અદ્યતન AI ડિટેક્શન સિસ્ટમ. સાહિત્યચોરી તપાસનાર અને AI ચર્ચા શોધવામાં સક્ષમ. AI દ્વારા થયેલા લેખન અને માનવ લેખન વચ્ચે ફરક ઓળખી શકતું.

## ઉપયોગ :

- ગુજરાતી ભાષામાં વ્યાકરણ, વિરામચિન્હો, લેખનની ભૂલોને ઓળખવા, શોધવા અને સુધારવા સક્ષમ.
- સાહિત્યચોરીની તપાસ કરી ખાતરી કરી કાર્યને અધિકૃત કરવામાં ઉપયોગી.

## મર્યાદા :

- ભાષાકીય વિવિધતામાં ત્રુટિ સાથે ઊંડા સાહિત્યિક અને શૈક્ષણિક લખાણ માટે માનવ સહયોગ ઉપયોગી.
- વ્યવસાય અને વિશિષ્ટ ઉપયોગ માટે વિસ્તૃત તાલીમ જરૂરી.

## સમાપન:

આજના ડિજિટલ યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) એક મહત્વપૂર્ણ તકનીકી ક્રાંતિ બની ચૂકી છે.જે માનવ જીવનના લગભગ દરેક પાસાને પ્રભાવિત કરી રહી છે. વિવિધ ક્ષેત્રોમાં નવી શક્યતાઓ ખોલી રહી છે. જેમ જેમ AI તકનીક વિકસતી જાય છે, તેમ તેમ તેની ક્ષમતાઓ અને એપ્લિકેશન્સ પણ વધતા જાય છે. આ વિકાસની સાથે નૈતિક માર્ગદર્શિકાઓ અને નિયમનની જરૂરિયાત પણ વધી રહી છે. AI નો ઉદ્દેશ્ય માનવ ક્ષમતાઓને વિસ્થાપિત કરવાનો નહીં, પરંતુ તેને વધારવાનો અને સહાય કરવાનો હોવો જોઈએ. ભવિષ્યમાં, AI અને માનવ બુદ્ધિમત્તાનું સંયોજન આપણને વધુ સારા સમાજ તરફ દોરી જશે, જ્યાં તકનીક માનવ કલ્યાણ અને પ્રગતિમાં

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ માટે સરકાર, ઉદ્યોગો અને સમાજે સાથે મળીને AI ના જવાબદાર વિકાસ અને ઉપયોગ માટે કામ કરવું પડશે. આખરે, AI નો સફળ ઉપયોગ માનવ મૂલ્યો અને નૈતિક સિદ્ધાંતોના સંતુલન પર આધારિત હશે.

કુત્રિમ બુદ્ધિ (AI- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ગુજરાતી ભાષાનું ટેકનોલોજીકરણ, નવી ક્ષમતા, વ્યાપકો અને વિસ્તરણ માટે આવશ્યક ચોક્કસથી બની રહ્યું છે. તેમ છતાં, યોગ્ય ડેટા, વ્યાપક સહયોગ, અને સંસ્કૃતિ જતનના પ્રશ્નોને નિરાકરણ જેવી બાબતોને પણ ધ્યાનમાં લેવી જોઈએ. વર્તમાન યુગમાં AI ગુજરાતી માટે સારો સંજોગ બની શકે છે – જો સાચા ટેક્નીકલ, નૈતિક અને સામાજિક મુદ્દાઓનું ધ્યેયપૂર્વક નિરાકરણ થાય.

અંતે તો વિજ્ઞાન અને ટેકનૉલોજીના ઉપયોગનું નિયંત્રણ તો માનવીના હાથમાં જ હોય છે. પણ માનવી પોતાની લાલસાને લીધે તેને ઢીલી મૂકી દે છે. કોઈપણ નવી ટેક્નોલોજીને અપનાવવામાં તેનો અતિરેક ન કરીએ અને માનવીય મગજ, મૂલ્યો અને અભિગમથી માનવીની વિધાત્રી – પ્રકૃતિના કાર્યમાં વિક્ષેપ ન પાડીએ. કૃત્રિમ બુદ્ધિમતાનો વિવેકપૂર્વકનો ઉપયોગ ઇચ્છિત છે. વાંચ્છિત છે અને તો જ આપણું આ બ્રહ્માંડમાં નિસર્ગ નિર્ધારિત સમય સુધી ટકી રહેશે.

## સંદર્ભ સૂચિ :


1. https://techgujarati.com/techexplain/what-is-ai-in-gujarati/આર્ટિફિશિયલ-ઇન્ટેલિજન્સ-ai-શું-છે.
2. ચિંતન ભટ્ટ,ભાવિ પર નજર-આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, શ્રી જયભીખ્ખુ સાહિત્યટ્રસ્ટ,આવૃત્તિ -૨૦૨૨
3. કે.ટી.મહેતા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, પરિચય પુસ્તિકા, 1441
4. redweb.com, electronica કૃત્રિમ બુદ્ધિ: માનવતાના ઇતિહાસમાં સૌથી મોટી ક્રાંતિ?, 2 જુલાઈ 2019
5. https://techgujarati.com/techexplain/what-is-ai-in-gujarati/-AI-ટેકનોલોજી:જાણો-AI વિશે સરળ શબ્દોમાં
6. https://www.bmc.com/blogs/artificial-intelligence-types/ Types of AI with Examples, November 11, 2024, Jonathan Johnson.
7. https://bombaysamachar.com/utsav/ai-in-regional-language/પ્રાદેશિક ભાષામાં એઆઇ? Bharat Patel, 24th December 2023 at 6:00 AM
8. https://techgujarati.com/computing/chatgpt-introduction-gujarati, by Tejas Lodhia, July 19, 2025, CHATGPT: AI ની નવી ક્રાંતી
9. Bombaysamachar.com. "પ્રાદેશિક ભાષામાં એઆઇ?". 23 December 2023.
10. Gyanpothi.in. "ગુજરાતી ભાષા અને AI ટેકનોલોજી... વિચાર મંથન". 27 July 2024.
11. Yeschat.ai. "Gujarati GPT-Free, Specialized Gujarati Language AI". 17 January 2024.
12. https://www.talkio.ai/
13. https://langbuddy.ai/
14. https://ivoca.io/
15. Lingvanex.com. "AI Writer Gujarati". 27 August 2025.
16. https://anuvadini.aicte-india.org/ & https://bhashini.gov.in/
17. Elevenlabs.io. "Free Gujarati Text to Speech & AI Voice Generator". 19 August 2025
18. https://ai4bharat.iitm.ac.in/areas/model/NMT/IndicTrans2
19. https://sider.ai/gu/blog/ai-tools/perplexica-vs-perplexity-ai-which-ai-search-engine-fits-your-workflow
20. https://isgen.ai/gu